# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 15.05.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

********************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે UAE, નેધરલેન્ડ, સ્વીડન, નોર્વે અને ઇટાલીની છ દિવસની મુલાકાત માટે રવાના થશે

2) પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે ભારતની અધ્યક્ષતામાં બ્રિક્સ વધુ સમાવિષ્ટ વિશ્વ વ્યવસ્થાના નિર્માણ માટે સાથે મળીને કામ કરશે.

3) સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આજે આંધ્રપ્રદેશના પુટ્ટપર્થીમાં અનેક એરોસ્પેસ અને સંરક્ષણ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કરશે

4) ઉત્તરપ્રદેશમાં છેલ્લા 36 કલાકમાં વરસાદ, વાવાઝોડા અને વીજળી પડવાથી 111 લોકોના મોત અને 200 લોકો ઘાયલ

5) સરકારે એડવાન્સ ઓથોરાઇઝેશન સ્કીમ હેઠળ સોનાની આયાત પર 100 કિલોગ્રામની મર્યાદા નક્કી કરી

6) ભારતીય વુશુ ખેલાડી અપર્ણા દહિયાએ 11મી સાન્ડા વિશ્વકપમાં સુવર્ણ ચંદ્રક જીત્યો

.....................................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM - UAE VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સંયુક્ત આરબ અમીરાત (UAE), નેધરલેન્ડ, સ્વીડન, નોર્વે અને ઇટાલીની છ દિવસની મુલાકાત માટે રવાના થશે. પાંચ દેશોના તેમના પ્રવાસના પ્રથમ તબક્કામાં શ્રી મોદી આજે UAE પહોંચશે જ્યાં તેઓ રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાન સાથે મુલાકાત કરશે. બંને નેતાઓ દ્વિપક્ષીય મુદ્દાઓ, ખાસ કરીને ઉર્જા સહયોગ, તેમજ પરસ્પર હિતના પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર ચર્ચા કરશે.

મીડિયા સાથે વાત કરતા વિદેશ મંત્રાલયમાં પશ્ચિમી બાબતોના સચિવ અસીમ મહાજને જણાવ્યું હતું કે ઉર્જા બંને દેશોના સંબંધોનો મુખ્ય આધારસ્તંભ છે. તેમણે નોંધ્યું હતું કે ગયા વર્ષે UAE ભારતનો ક્રૂડ ઓઇલનો ચોથો સૌથી મોટો સ્ત્રોત હતો, જે ભારતની તેલ જરૂરિયાતોના લગભગ 11 ટકાને પૂર્ણ કરે છે. તેમણે ઉમેર્યું હતું કે ભારતીય કંપનીઓએ અબુ ધાબી નેશનલ ઓઇલ કંપની (ABU DHABI) સાથે દર વર્ષે આશરે 45 લાખ મેટ્રિક ટન માટે લાંબા ગાળાના LNG કરારો મેળવ્યા છે.

ભારત LPGનો લગભગ 40 ટકા હિસ્સો UAE માંથી આયાત કરે છે. ભારતીય કંપનીઓએ UAE તેલ કંપનીઓમાં રોકાણ કર્યું છે. પ્રધાનમંત્રી મોદીની સંયુક્ત આરબ અમીરાતની આઠમી મુલાકાત પ્રસંગે UAEમાં ભારતના રાજદૂત દીપક મિત્તલે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રીની મુલાકાત એવા સમયે થઈ રહી છે જ્યારે આ પ્રદેશ અભૂતપૂર્વ વિકાસ અને પડકારોનો સામનો કરી રહ્યો છે.

પ્રધાનમંત્રીની મુલાકાતથી બંને પક્ષો વચ્ચે ઊર્જા સુરક્ષા, રોકાણ, ટેકનોલોજી અને વ્યૂહાત્મક ભાગીદારી મજબૂત થવાની અપેક્ષા છે.

# BRICS FM MEETING

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે આ વર્ષે ભારતની અધ્યક્ષતામાં બ્રિક્સ બહુપક્ષીયતાને મજબૂત કરવા, ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપવા, આર્થિક સ્થિતિસ્થાપકતા વધારવા અને વધુ સમાવિષ્ટ વૈશ્વિક વ્યવસ્થા બનાવવા માટે સાથે મળીને કામ કરશે.

નવી દિલ્હીમાં બ્રિક્સ દેશોના વિદેશ મંત્રીઓ અને પ્રતિનિધિમંડળના વડાઓ સાથે વાત કરતા શ્રી મોદીએ જણાવ્યું હતું કે વિકાસશીલ દેશો વચ્ચે સહયોગ વધારવા અને વૈશ્વિક દક્ષિણની આકાંક્ષાઓને પૂર્ણ કરવા માટે બ્રિક્સ એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ તરીકે ઉભરી આવ્યું છે.

અગાઉ બ્રિક્સ વિદેશ મંત્રીઓની બેઠકમાં વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકરે જણાવ્યું કે શાંતિ અને સુરક્ષા વૈશ્વિક વ્યવસ્થાના કેન્દ્રમાં છે. તેમણે ભાર મૂક્યો હતો કે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષો, આર્થિક અનિશ્ચિતતાઓ અને વેપાર, ટેકનોલોજી અને આબોહવા સંબંધિત પડકારો વૈશ્વિક પરિદૃશ્યને અસર કરી રહ્યા છે, જેનાથી બ્રિક્સ રચનાત્મક અને મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે તેવી અપેક્ષાઓ વધી રહી છે.

## BYTE: S. JAISHANKAR

આ બેઠકમાં બ્રાઝિલ, રશિયા, ઈરાન, ઈન્ડોનેશિયા મલેશિયા UAE દક્ષિણ આફ્રિકાના વિદેશ મંત્રીઓ ભાગ લઈ રહ્યા છે. બેઠક દરમિયાન, બ્રિક્સ સભ્ય દેશોના વિદેશ મંત્રીઓ પરસ્પર હિતના વૈશ્વિક અને પ્રાદેશિક મુદ્દાઓ પર મંતવ્યોનું આદાન પ્રદાન કરશે.

સમિટનો વિષય "સ્થિતિસ્થાપકતા, નવીનતા, સહકાર અને ટકાઉપણું માટે નિર્માણ" છે. તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના "માનવતા પ્રથમ" અને "લોક-કેન્દ્રિત" બ્રિક્સના વિઝનથી પ્રેરિત છે.

## PRADHAN-NEET MEETING

આગામી રાષ્ટ્રીય પાત્રતા સહ પ્રવેશ પરીક્ષા (NEET) ની તૈયારીઓની સમીક્ષા કરવા માટે ગઈકાલે સાંજે શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના નિવાસસ્થાને એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી.

NEET પરીક્ષાને સુચારુ અને અસરકારક રીતે યોજવા માટેના વિવિધ પાસાઓ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં ઉચ્ચ શિક્ષણ સચિવ, શાળા શિક્ષણ સચિવ, રાષ્ટ્રીય પરીક્ષણ એજન્સીના મહાનિર્દેશક, CBSE ના અધ્યક્ષ અને કેન્દ્રીય વિદ્યાલય સંગઠન અને નવોદય વિદ્યાલય સમિતિના કમિશનરો સહિત અન્ય વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા.

## CBI-RELIANCE COMM

કેન્દ્રીય તપાસ સંસ્થા CBI એ અનિલ ધીરુભાઈ અંબાણી-એડીએ ગ્રુપની કંપનીઓમાંથી એક રિલાયન્સ કોમ્યુનિકેશન્સ લિમિટેડ સામે નોંધાયેલા કેસના સંદર્ભમાં મુંબઈ, ગુરુગ્રામ અને બેંગલુરુમાં સાત જગ્યાઓ પર દરોડા પાડ્યા છે.

એક નિવેદન અનુસાર, કંપનીના તત્કાલીન ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર, ચીફ ફાઇનાન્શિયલ ઓફિસર અને ડિરેક્ટરોના નિવાસસ્થાનો પર દરોડા પાડવામાં આવ્યા હતા, જેઓ 2015 થી 2017 દરમિયાન કંપનીમાં કાર્યરત હતા.

સીબીઆઈએ જણાવ્યું કે છેલ્લા કેટલાક મહિનામાં, વિવિધ જાહેર ક્ષેત્રની બેંકો અને LIC દ્વારા અનિલ અંબાણીના નેતૃત્વ હેઠળના રિલાયન્સ ગ્રુપ સામે હજારો કરોડ રૂપિયાના કથિત છેતરપિંડીના સાત કેસ નોંધાયા છે. આ કેસોમાં કુલ કથિત નુકસાન 27 હજાર 337 કરોડ છે.

# RAJNATH SINGH – AP

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આજે આંધ્રપ્રદેશના શ્રી સત્ય સાંઈ જિલ્લાના પુટ્ટપર્થીમાં અનેક એરોસ્પેસ અને સંરક્ષણ પ્રોજેક્ટ્સના શિલાન્યાસ સમારોહમાં ઉપસ્થિત રહેશે. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે એરોનોટિકલ ડેવલપમેન્ટ એજન્સીના એરક્રાફ્ટ ઇન્ટિગ્રેશન અને ફ્લાઇટ ટેસ્ટ સેન્ટરનો શિલાન્યાસ કરવામાં આવશે. એરક્રાફ્ટ ઇન્ટિગ્રેશન, પરીક્ષણ, ચકાસણી અને પ્રમાણપત્ર માટેની આ સુવિધા એડવાન્સ્ડ મીડિયમ કોમ્બેટ એરક્રાફ્ટ પ્રોગ્રામના વિકાસને વેગ આપશે.

સંરક્ષણમંત્રી અનાકાપલ્લી જિલ્લાના ટી. સિરસાપલ્લી ગામમાં ભારત ડાયનેમિક્સ લિમિટેડની નવી અત્યાધુનિક નૌકાદળ સિસ્ટમ્સ મેન્યુફેક્ચરિંગ સુવિધાનો શિલાન્યાસ પણ કરશે. આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન ચંદ્રબાબુ નાયડુ પણ આ કાર્યક્રમમાં હાજરી આપશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## UP WEATHER DEATHS

**ઉત્તરપ્રદેશમાં છેલ્લા 36 કલાકમાં વરસાદ, વાવાઝોડા અને વીજળી પડવાથી 111 લોકોના મોત થયા છે અને 200 લોકો ઘાયલ થયા છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે જિલ્લા અધિકારીઓ અને સંબંધિત અધિકારીઓને તાત્કાલિક ઘટના સ્થળનું મૂલ્યાંકન કરવા નિર્દેશ આપ્યો છે. તેમણે કહ્યું કે વળતર અંગેની માહિતી દર ત્રણ કલાકે પૂરી પાડવામાં આવે.**

## GOLD – IMPORT

**સરકારે એડવાન્સ ઓથોરાઇઝેશન સ્કીમ હેઠળ સોનાની આયાત પર 100 કિલોગ્રામની મર્યાદા નક્કી કરી છે. આ યોજના ઝવેરાત નિકાસકારોને શૂન્ય ડ્યુટી**

પર કાચા માલની આયાત કરવાની મંજૂરી આપે છે. વિદેશ વેપાર મહાનિદેશાલયે જાહેર નોટિસમાં જણાવ્યું કે નિકાસકારો આ યોજના હેઠળ એક સમયે મહત્તમ 100 કિલોગ્રામ સોનું ડ્યુટી-ફ્રી આયાત કરી શકે છે.

એક અહેવાલ સાંભળીએ

## VC- JAYA BHARTI

પારદર્શિતા જાળવવા માટે, પ્રાદેશિક કચેરીઓએ મહાનિદેશાલયને માસિક અહેવાલો મોકલવા આવશ્યક છે. અગાઉ, આ યોજના હેઠળ સોનાની આયાત પર કોઈ મર્યાદા નહોતી.

# PETROL PRICE

વૈશ્વિક સ્તરે ઉર્જાના ભાવમાં વધારા વચ્ચે તેલ કંપનીઓએ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લિટર 3 રૂપિયાનો વધારો કર્યો છે. નવી દિલ્હીમાં પેટ્રોલનો ભાવ 94.77 રૂપિયાથી વધીને 97.77 રૂપિયા પ્રતિ લિટર થયો છે, જ્યારે ડીઝલનો ભાવ 87.67 રૂપિયાથી વધીને 90.67 રૂપિયા પ્રતિ લિટર થયો છે.

તેવી જ રીતે, મુંબઈમાં પેટ્રોલનો ભાવ 106.68 રૂપિયા પ્રતિ લિટર થયો છે જ્યારે ડીઝલનો ભાવ 93.14 રૂપિયા પ્રતિ લિટર થયો છે.

# WUSHU - GOLD MEDAL

ભારતીય વુશુ ખેલાડી અપર્ણા દહિયાએ મકાઉમાં યોજાયેલ 11મી સાન્ડા વિશ્વકપમાં મહિલાના 52 કિલોગ્રામ વજન વર્ગમાં સુવર્ણ ચંદ્રક જીત્યો. અપર્ણાએ ગઈકાલે ફાઇનલમાં વર્તમાન વિશ્વ ચેમ્પિયન વિયેતનામની થી કુઓંગ ન્ગા ન્ગોને સીધા સેટમાં પરાજય આપ્યો.

12 મેથી શરૂ થયેલી આ સ્પર્ધામાં ભારતનો આ પ્રથમ સુવર્ણ ચંદ્રક છે. અગાઉ સપ્ટેમ્બર 2025માં બ્રાઝિલમાં આયોજિત વિશ્વ વુશુ ચેમ્પિયનશિપની ફાઇનલમાં અપર્ણા આ જ પ્રતિસ્પર્ધી સામે હારી ગઈ હતી.

સ્પર્ધાત્મક વુશુને બે મુખ્ય શ્રેણીઓમાં વહેંચવામાં આવે છે: તાઓલુ અને સાન્ડા. તાઓલુ જિમ્નેસ્ટિક્સ અને માર્શલ આર્ટ્સને જોડે છે, અને સ્પર્ધકોને તેમની હિલચાલના આધારે સ્કોર કરવામાં આવે છે, જ્યારે સાન્ડા એક આધુનિક, નિઃશસ્ત્ર સ્પર્ધા છે જે મુખ્યત્વે મુક્કાબાજી, લાત મારવી, ફેંકવી, પકડવી અને રક્ષણાત્મક તકનીકોનો ઉપયોગ કરે છે.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડીયા

1. આજના અખબારોમાં વિવિધ સમાચારોને પ્રાધાન્ય અપાયું છે.
2. સંદેશ અને ગુજરાત સમાચાર લખે છે કે, યુપીમાં આંધી-તોફાનનો કાળો કેર, 100થી વધુના મોત
3. દિવ્ય ભાસ્કર લખે છે કે, CMનું ચાર્ટર્ડ માત્ર ઇમરજન્સીમાં જ ઉડશે, કોર્પોરેટ જેટ બુકિંગમાં 90% સુધી ઘટાડો.
4. ફૂલછાબ લખે છે કે, મોંઘવારીમાં જથ્થાબંધ વધારો: જથ્થાબંધ ફુગાવો બમણો.
5. નવગુજરાત સમય લખે છે કે, તાઇવાન મુદ્દે ટ્રમ્પને જિનપિંગની ચેતવણી.

---------------------------------------------------